# જ્ઞાનગંગા

યુનિવર્સિટી ન્યૂઝ

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૧ અંક-૩૫ (આંતરિક વિતરણ) ૧૬ ડિસેમ્બર, ૨૦૧૭









Journey of Indian Languages : Perspectives on Culture and Society
Chief Guest
Shri M. Venkaiah Naidu
Guest of Honour
Shri Bhupendrasinh Chudasama






International Conference
on
The Journey of Indian Languages: Perspectives on Culture and Society
Jointly organised
by
Dr. Babasaheb Ambedkar Open University
&
BAOU
Education for All
ignou
THE PEOPLE'S UNIVERSITY


Indira Gandhi Nati Open University


Dr. Babasaheb Ambedkar Open University
&
Indira Gandhi National Open University






Conferenc
erspectives on Culture and
ganised
dkar Open Un
al Open Un
tober, 2017


International Conference
on
The Journey of Indian Languages: Perspectives on Culture and Society
Jointly organised
by
Dr. Babasaheb Ambedkar Open University
&
Indira Gandhi National Open University

## વિશિષ્ટ બાળકોનું શિક્ષણ – વર્કશોપ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.30-10-2017 થી તા.03-11-2017 સુધી બી.એમ.ઈન્સ્ટિટ્યુટ ઑફ મેટલ હેલ્થ, અમદાવાદના સહયોગથી તેમજ રાષ્ટ્રીય પુનર્વસનની માન્યતા સાથે ''વિશિષ્ટ બાળકોનું શિક્ષણ'' વિષય પર પાંચ દિવસનાં વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો. જેમાં આખા ગુજરાતમાંથી વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત 38 શિક્ષકોએ ભાગ લીધો.



ઉપરોક્ત કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાની સાહેબે હાજર રહી તમામ પ્રતિભાગીઓને આશીર્વચન પાઠવ્યા હતાં.તેમજ તેઓ ખૂબ જ ઉમદા વ્યવસાયમાં કાર્ય કરી રહ્યાં છે અને દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપી પુણ્યશાળી કાર્ય કરી રહ્યાં છે તેમ જણાવ્યું હતું. માનનીય કુલપતિશ્રી પંકજ જાની સાહેબ વર્કશોપના પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા અને તમામ પ્રતિભાગીઓને પોતાના હાથે પ્રમાણપત્રો પાઠવ્યા. પ્રતિભાગીઓએ પોતાના મંતવ્યોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત વર્કશોપમાં ઘણી જ નવી બાબતો શીખવા મળ્યાનો એકરાર કર્યો અને ભવિષ્યમાં પણ આવા કાર્યો થતાં રહે તે માટે અરજ કરી. અંતમાં શિક્ષણશાસ્ત્રભવનના નિયામક શ્રી ડૉ. અજીતસિંહ રાણા સાહેબે સર્વેનો આભાર વ્યક્ત કર્યો.



## ભારતરત્ન આંબેડકરજીને ભાવાંજલિ



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે તા.06/12/2017 ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં ગૌતમ હૉલ ખાતે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને ભાવાંજલિ આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે પરિસરમાં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા સમક્ષ સર્વ મહાનુભાવો તથા યુનિવર્સિટીના પરિવારના સદસ્યોએ પુષ્પાંજલિ અર્પણ કરી.



માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વક્તા તરીકે જાણીતા નમસ્કાર સામયિકના પ્રકાશક અને સંવેદના સમાજ સામયિકના મુખ્ય સંપાદક તથા યુનિવર્સિટીના BOM ના સભ્યશ્રી માનનીય શ્રી કિશોરભાઈ મકવાણા તથા શ્રી અનિતાબેન પરમારની પ્રેરક ઉપસ્થિતિ હતી.



## સ્વામી વિવેકાનંદ ગ્રંથાલય

ભારત જેવા લોકશાહી દેશમાં "દૂરવર્તી શિક્ષણ પ્રણાલી" એ શિક્ષણનું લોકશાહીકરણનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. ડૉ. રામરેડીએ ઓપન યુનિવર્સિટીઓને "New Temples of Learning" તરીકે નવાજેલ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયની અનિવાર્યતા શિક્ષણકારો અને શિક્ષણપંચોએ સ્વીકારી છે.

ઓપન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીએ અધ્યાપકોની અનુપસ્થિતિમાં આપમેળે અભ્યાસ કરવાનો હોવાથી ગ્રંથાલય સેવા અતિ આવશ્યક બની જાય છે. Open Learning પદ્ધતિમાં રાખવામાં આવતા વિદ્યાર્થીઓના સ્વાધ્યાય સરળ, સુગમ અને સહજ બનાવવા માટે ગ્રંથાલય મદદરૂપ થાય છે. વર્ગખંડમાં આપવામાં આવતા શિક્ષણની પૂર્તિ ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે. ઓપન યુનિવર્સિટી ગ્રંથાલયની સુવિધાઓ ઉચ્ચશિક્ષણમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ઓપન યુનિવર્સિટીની પાયાની કામગીરી અભ્યાસસામગ્રીનો વિકાસ સંગ્રહ અને વિતરણમાં પણ યુનિવર્સિટી નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. આમ યુનિવર્સિટી ગ્રંથાલય વિદ્યાર્થી અને યુનિવર્સિટીના વિકાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. સ્વામી વિવેકાનંદ ગ્રંથાલયની શરૂઆત ૩૦ ડિસેમ્બર ૧૯૯૭થી કરવામાં આવી જે હાલ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, "જ્યોતિર્મય" પરિસર, વાલ્મીકિ રિપોઝિટરીના બ્લોકમાં કાર્યરત છે. આ ગ્રંથાલય વાંચન સામગ્રીની દૃષ્ટિએ ઘણું જ સમૃદ્ધ છે. આ ગ્રંથાલયમાં ઈગ્નુના બ્લોક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની અભ્યાસસામગ્રી, રેફરન્સ પુસ્તકો, AIEEE અને Civil Service જ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકોનો સંગ્રહ છે. આ વાંચનસામગ્રી,કબાટો અને ખુલ્લા રેકમાં વિષયાનુસાર વ્યવસ્થિત રીતે વિગતવાર ગોઠવણી કરવામાં આવેલ છે. ઉપભોક્તા માટે વાચનખંડની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. આ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, સભ્યો, કર્મચારીઓ આ વાંચનસામગ્રીનો ઉપયોગ કરે છે.

ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ વાચકો માટે ઉપયોગી એવી વિસ્તૃત માહિતીનું માળખું બનાવવું. યુનિવર્સિટીનાં શૈક્ષણિક અને સંશોધન માટેની જરૂરી માહિતીને અલગ-અલગ સ્વરૂપમાં User સુધી પહોંચાડવી. આંબેડકર યુનિવર્સિટીનાં ઉદ્દેશને ધ્યાનમાં રાખીને માહિતીનાં સ્ત્રોતો અને માહિતી સેવાઓને user સુધી પહોચાડવી. ગ્રંથાલયને "Knowledge Sharing Hub" તરીકે સ્થાપવું. લાંબા સમયગાળા સુધી માહિતીનો સંગ્રહ કરવો.વિદ્યાર્થી સહાય સેવામાં મદદરૂપ થવું. ગ્રંથાલય દ્વારા દૂરવર્તી શિક્ષણ પૂરું પાડવામાં સહાયભૂત થવું.

### લાઈબ્રેરી સ્ટોક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી લાઈબ્રેરી માં ૧૯૯૭ થી ૨૨ March ૨૦૧૮ સુધીમાં નોંધાયેલ પુસ્તકોની વિગત નીચે મુજબ છે. જેમાં ખરીદ તથા ભેટ મળેલ પુસ્તકો અને સેટોડિઅલ પ્રોગ્રામની મલ્ટિકોપી કરાવેલ CD નો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| 1. Books: | 48943 |
| 2. CD: | 18826 |
| 3. Thesis+Desertation: | 131 |
| 4. News Paper: | 6 |
| 5. Periodical: | 61 (subscribe + Gift ) |

### ગ્રંથાલયની સેવાઓ

આ ગ્રંથાલયના વિવિધ ઉપભોક્તાઓ જેવા કે અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને ગ્રંથાલય દ્વારા વૈવિધ્યપૂર્ણ સેવાઓ આપવામાં આવે છે. આ સેવામાં ગ્રંથ આપ-લે, સંદર્ભ સેવા, અનુલય સેવા, ઝેરોક્ષ સેવા, નિર્દેશીકરણ સેવા અને સ્ટુડન્ટ સપોર્ટ સર્વિસ વગેરેનો સમાવેશ થાય છે.

### ગ્રંથાલયની મહત્ત્વની સેવાઓ :

૧૧૨ અભ્યાસકેન્દ્રો પર ગ્રંથાલય સુવિધા
SATODL પ્રોગ્રામ CD ની મલ્ટિકોપી કરાવી કેન્દ્રોને મોકલાવવી
CD વેચાણ
વિદ્યાર્થીને CD સાંભળવાની સુવિધા
ચૈતન્ય સ્ટુડિયોમાં BLIS Lecturesનું આયોજન
Internet સેવા
પ્રશ્નપત્રો ઝેરોક્ષ સેવા
લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અભ્યાસક્રમ
લાઈબ્રેરી સંદર્ભે આવતી Research અને Ph. D. ની પ્રશ્નાવલી ભરી આપવી.

### કેન્દ્રો પર ગ્રંથાલય સુવિધા

અભ્યાસકેન્દ્રો આ યુનિવર્સિટીના સ્તંભો હોવાથી અભ્યાસકેન્દ્રો પર ગ્રંથાલયની સુવિધા ઉપલબ્ધ થાય તથા સંદર્ભગ્રંથો પણ પ્રાપ્ત બને તે હેતુથી લઘુત્તમ સુવિધા અને સામગ્રી પૂરી પાડી સેન્ટરને વિદ્યાર્થી સહાય સેવા હેઠળ પુસ્તકો અને CD મોકલાવ્યા. કેન્દ્રોના ગ્રંથાલય માટે પુસ્તકોની ખરીદી પ્રોસેસ, વર્ગીકરણ કરી અને મોકલવાની મંજૂરી મેળવી કુલ ૧૧૨ કેન્દ્રો પર ૧૮૦૩૭ પુસ્તકો મોકલાવ્યા. યુનિવર્સિટી દ્વારા આયોજિત SATDOL Programme ની સી.ડી. ની મલ્ટિ કોપી કરાવી ૧૬૦ કેન્દ્રોને ૫૬૬૦ CD મોકલાવી, બ્લીસ કેન્દ્રોને રૂ. ૧૦,૦૦૦/- લાઈબ્રેરી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ.



**લાઈબ્રેરી ઓટોમેશન**

ઈન્ફલીબનેટ સેન્ટર, અમદાવાદ દ્વારા બનાવવામાં આવેલ Library "SOUL" Softwareની ખરીદી કરી ગ્રંથાલય યાંત્રીકરણનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે. કેટલોગ મેનુમાં પુસ્તકોની એન્ટ્રી કરવામાં આવે છે. ઓપેક મેનુ દ્વારા ઉપભોગતાઓ જરૂરી પુસ્તકો શોધી શકે છે. બારકોડ અને સ્પાઈન લેબલ તૈયાર કરી પુસ્તક પર લગાવવામાં આવે છે.

**અન્ય વિભાગો :**

માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત આ યુનિવર્સિટી દ્વારા આયોજિત પ્રશિક્ષણ કાર્યક્રમ AIEEE અને Civil Service જ હેઠળ આ યુનિવર્સિટી લાઈબ્રેરીમાં અલાયદો વિભાગ બનાવવામાં આવેલ છે.

આ વિભાગમાં MAT, CAT, NET, SLET, TOFEL, BANK, IELTS, NDA, MBA, IIT, RAILWAY, GPSC, UPSC વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા ગ્રંથોનો સંગ્રહ છે.

**ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમ**

- ✏ બ્લીસ અભ્યાસક્રમનાં વીડિયો recording.
- ✏ માસ્ટર ઑફ લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અભ્યાસક્રમ ઈગ્નુની અભ્યાસ સામગ્રીનું અનુવાદ, ભાષા/વિષય પરામર્શન, ડીટીપી અને પ્રૂફ રીડિંગ. બાદની અભ્યાસ સામગ્રીના રિવ્યૂ કરાવી રિવ્યૂ મુજબના સુધારા વધારા
- ✏ Omkar-e અભ્યાસક્રમ અંતર્ગત સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓ અને સેવાઓની અભ્યાસ સામગ્રી તૈયાર કરાવી video recording.
- ✏ એમ.ફિલ અને પીએચ.ડી. અભ્યાસક્રમના આવેલ ફૉર્મની ચકાસણી અને મેરિટ
- ✏ એક્સપર્ટના લિસ્ટ તૈયાર કરવા,
- ✏ બ્લીસ અંતર્ગત અભ્યાસક્રમની પ્રવેશ અને પરીક્ષા અને સ્વાધ્યાયકાર્યને લગતી કામગીરી.
- ✏ બ્લીસ પરામર્શન સત્રોનું આયોજન
- ✏ એમ.ફિલ. અભ્યાસક્રમના સિલેબસ તૈયાર કરવામાં સહાય.
- ✏ કાઉન્સિલ, એ.પી.બી. બોર્ડમાં મૂકવાની બાબતો તૈયાર કરી રજૂ કરવી.



# ફોટો ગૅલરી











**સ્વાધ્યાયઃ પરમં તપઃ**


સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામક, વિદ્યાર્થી સહાય)
સહ-સંકલન : ડૉ. પ્રિયાંકી વ્યાસ - એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf. Sci)
ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિકસ ડિઝાઈન : નિકુલ પટેલ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક






**સંપાદક**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કા. કુલસચિવશ્રી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઈ-મેઈલ : feedback@baou.edu.in | www.baou.edu.in